# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૯/૧૦/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા 'ડિઝાઇન, ફેબ્રિક્સ ટ્રેન્ડ્સ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર અપકમિંગ સિઝન્સ' વિશે વેબિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા 'જીએફઆરઆરસી ટેક્ષ્ટાઇલ પર્વ– ફયૂચર ફોરકાસ્ટીગ ૨૦૨૧'ની ઉજવણીના ભાગરૂપે ગુરૂવારે, તા. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ 'ડિઝાઇન, ફેબ્રિક્સ ટ્રેન્ડ્સ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર અપકમિંગ સિઝન્સ' વિષય ઉપર વેબિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વક્તા તરીકે બિરલા સેલ્યુલસ, મુંબઇના હેડ ઓફ ડિઝાઇન નેલ્સન જાફરી અને ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિ., મુંબઇના ડી.જી.એમ. (માર્કેટીગ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટ) રાજેશ વટાલિયાએ વર્ષ ૨૦૨૧માં આવનારા ફેબ્રિક ટ્રેન્ડ્સ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

નેલ્સન જાફરીએ ફેબ્રિક ટ્રેન્ડ્સ, ઇમર્જીગ ટ્રેન્ડ્સ અને હોમ હબ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, લોકો હવે ફ્રેશ અને સોફટ ટચ કપડાં તરફ આકર્ષાઇ રહયા છે. આથી એવા પ્રકારના ક્રાફ્ટેડ નેચર, ઓર્નેટ ટ્રેઝર્સ, મોડર્ન અને કન્ટેમ્પરરી ફેબ્રિકની માંગ રહેશે. તેમણે ગ્લોબલ ફેબ્રિક ટ્રેન્ડ્સમાં ટાઇમલેસ ટેલરીંગ, ડુવેટ કમ્ફર્ટ, ક્રાફ્ટેડ ફ્વેટ્સ, આર્ટીસન ઇકાટ, ટાઇમવોર્ન ટેક્ષ્ચર્સ, વિસેરલ સ્ટ્રકચર્સ, ડ્રીમી શીર્સ, નીડલ વર્કવાળા ફેબ્રિક, સોફટેન્ડ કેઝયુલ્સ, વેલ્વેટ ડેકેડેન્સ, જેન્ટલ કમ્ફર્ટ, ડેન્સ વેટ્સ, સટલ સિલ્કીઝ વિશે વિગતવાર માહિતી આપી હતી.

તેમણે પ્રિન્ટ ટ્રેન્ડ્સમાં ફલોરલ પ્રેસ્ડ, ઓર્ગેનીક ટેક્ષ્ચર્સ, સ્મજ ઇફેક્ટ, પેચવર્ક ટેક્ષ્ટાઇલ્સ, ટ્રાઇબલ બોર્ડર (એથનીક અને વેસ્ટર્ન), ટ્રાઇબલ એન્ડ આફ્રિકન, મોડર્ન બેટીક એન્ડ ઇકાટ, બારાક, જીઓ પ્લસ બારો, રિઇન્વેન્ટેડ પેજલીઝ, ઇન્ડિયન બારો વિશે ચર્ચા કરી હતી. તેમણે ફેશન એન્ડ સિલ્વર ટ્રેન્ડસ અને એથનીક ઇન્ડો

ફ્યૂઝન વિશે પણ વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, વિસ્કોસમાં જકાર્ડ અને મોડાલ બેઇઝ્ડ ફેબ્રિકને વધારે પસંદ કરવામાં આવશે. ગ્રાફસમાંથી લેવામાં આવેલા એલીમેન્ટ્સ ઉપર ફોકસ કરવામાં આવશે તો મારા મતે સારું રહેશે. શાઇન અને લ્યુરેક્સની માંગ એથનીક વેરમાં જોવા મળશે એવું મને લાગે છે.

રાજેશ વટાલિયાએ ફેબ્રિક ઓપોર્ચ્યુનિટીઝ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, અમારી ટીમે ફેબ્રિકમાં નવું ઇનોવેશન કર્યુ હતું અને તેને બિરલા મોડાલ નામ આપવામાં આવયું હતું. બધા પ્રકારના ફાયબરમાં તેની ટેનાસિટી સૌથી વધારે છે. કોટન કરતા પણ તેની સ્ટ્રેન્થ સારી છે. આ ફાયબરને બનાવતી વખતે વોટર સેવીગ અને એનર્જી સેવીગ પણ થાય છે. તેમણે લીવા ઇકો વિસ્કોસ અને લીવા ઇકો મોડાલ જેવી સસ્ટેનેબલ ફાયબર બનાવવાનું શરૂ કર્યુ છે. માત્ર વુવન નહીં પણ નોન વુવનમાં પણ આ પ્રોડક્ટ બનાવવામાં આવી રહી છે. મેન મેઇડ સેલ્યુલસમાં તેમની ટીમે લીવા રિવાઇવા નામના ફેબ્રિકનું પણ ઉત્પાદન શરૂ કર્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ની પરિસ્થિતિમાં એન્ટી બેકટેરીયલ ફાયબર પણ ડેવલપ કરવામાં આવ્યું છે. એપરલ, ટોપ્સ, સાડી, યુનિફોર્મ અને માસ્કમાં આ ફાયબરનો ઉપયોગ થઇ રહયો છે. તેમની ટીમ રિટેલર, વિવર્સ અને પ્રોસેસર્સ વિગેરે સાથે રેગ્યુલર મિટીંગ કરે છે અને તેમની જરૂરિયાત પ્રમાણે તેઓને ક્વોલિટી ફાયબર પ્રોવાઇડ કરે છે. તેમણે કહયું કે, સુરતમાં નાયલોન, વિસ્કોસ, વિસ્કોસ ફિલામેન્ટ, મોડાલ, પોલિસ્ટર બને છે તથા સિન્થેટીક યાર્ન પણ ડેવલપ થયું છે. તેમ છતાં જેકાર્ડ અને ડોબીમાં જવાની જરૂરિયાત મને લાગે છે. સર્ક્યુલર નિટીંગમાં પણ ઘણી તક દેખાઇ રહી છે. વોટર જેટ પ્રોડકટમાં કોસ્ટ ઇફેક્ટીવ ઇનોવેશન કરી શકાય છે. તેમણે કહયું કે, માઇક્રો વિસ્કોસમાં સોફટનેસ અને લકઝરીયસ લુક પણ આવી રહેશે.

આજના વેબિનારમાં ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. જીએફઆરઆરસીના ચેરમેન ગિરધર ગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય હિમાંશુ બોડાવાલાએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબિનારનું સમાપન થયું હતું.